દા.તા.૦૯.૦૯.૨૦૧૯
ફે.તા. ૦૩.૧૨.૨૦૧૯

| સમયગાળો : | વરસ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૨ | ૨૪ |

જામનગરના આઠમાં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની
અદાલત સમક્ષ,

<u>ફો.કે.નં.૭૮૮૬/૨૦૧૯.</u>

આંક :

ફરીયાદી : શ્રી સરકાર.

વિરૂધ્ધ.

આરોપી : યશ પરાગભાઈ બરચ્છા, જાતે.લોહાણા,

રહે. પંચવટી સોસાયટી, સફાયર એપાર્ટમેન્ટ બ્લોક નં.૩૦૧, ત્રીજા માળે,જામનગર.

ગુન્હોઃ– <u>આઈ.પી.સી. કલમ–૩૮૦, ૪૫૪ મુજબ.</u>

| |
|---|
| રજુઆતઃ શ્રી સરકાર તરફે : વિ. એ.પી.પી.શ્રી આર.ડી.ભુરીયા.<br>આરોપી તરફે : વિ. વકીલશ્રી યુ.ડી.ચાવડા. |

***<u>–:: ચુકા દો ::–</u>***

૧ ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૨૦/૦૬/૨૦૧૯ ના રોજ કલાક ૦૮–૩૦ થી ૯–૩૦ દરમ્યાન કોઈપણ સમયે આરોપીએ ફરીયાદી તેમના બનેવીના ઘરે પોતે લૌકીક ક્રીયા અર્થે આવેલ તે દરમીયાન ચાર્જમાં મુકેલ મોબાઈલ ફોન કી.રૂ.૪૦,૦૦૦/– નો ચોરી કરી તપાસ કરતા પકડાઈ જઈ

આઈ.પી.સી.ની કલમ–૩૮૦, ૪૫૪ મુજબનો ગુન્હો કરેલ છે તે મતલબની ફરીયાદ અનુસંધાને કરવામાં આવેલ તપાસના અંતે આરોપી સામે આંક–૧ વાળું ચાર્જસીટ કરવામાં આવેલ છે.

૨. આ કામના આરોપી વિરૂધ્ધ આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી આંક–૦૪ થી પ્લી નોંધવામાં આવતાં આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરેલ છે.

૩. આ કામના આરોપી સામેનો આ કેસ સાબીત કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબ પુરાવો રજુ કરેલ છે :

૧. ફરીયાદી સાહેદ ડો.પુષ્પાબેન અમૃતલાલ સોમૈયાની જુબાની આંક–૦૫.
૨. ફરીયાદ આંક–૦૬.
૩. પંચનામાઓ આંક–૦૭, ૦૮.
૪. મુળ ફરીયાદીની પુરાવો પુરો થયાની પુરશીષ.

૪. તમામ પુરાવાના અંતે ક્રિ.પ્રો.કો.ક. ૩૧૩ અન્વયે આરોપીનો વિશેષ જવાબ લેવા જેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય આરોપીનો વિશેષ જવાબ લેવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષની દલીલો સાંભળવામાં આવેલ છે.

૫. આ કેસના નિર્ણય માટે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૨૦/૦૬/૨૦૧૯ ના રોજ કલાક ૦૮–૩૦ થી ૯–૩૦ દરમ્યાન કોઈપણ સમયે આરોપીએ ફરીયાદી તેમના બનેવીના ઘરે પોતે લૌકીક ક્રીયા અર્થે આવેલ તે દરમીયાન ચાર્જમાં મુકેલ મોબાઈલ ફોન કી.રૂ.૪૦,૦૦૦/– નો ચોરી કરી તપાસ કરતા પકડાઈ જઈ આઈ.પી.સી.ની કલમ–૩૮૦, ૪૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

(૨) શું હુકમ?

૬ ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

<u>–:: કા ર ણો ::–</u>

૭ <u>મુદ્દા નં.૧</u>

આ કામમાં ફરીયાદ પક્ષે ફરીયાદી સાહેદ ડો.પુષ્પાબેન અમૃતલાલ સોમૈયાની જુબાની આંક–૦૫ થી લીધેલ છે. તેઓએ પોતાના સોગંદ પરના પુરાવામાં આંક–૦૬ થી ફરીયાદ રજુ કરેલ છે અને તા.૨૦/૬/૧૯ ના રોજ તેમના બનેવી નટવરલાલ મરણ ગયેલ હોય તેમની લૌકીક ક્રિયા હતી અને તેમના બનેવીના નીવાસ સ્થાન જામનગર સંભવી એપાર્ટમેન્ટ ખાતે તેઓ રોકાયેલ અને તેમનો મોબાઈલ જામનગર ટાઉન હોલ

ખાતેથી ખરીદેલો હતો તે મોબાઈલ ચાર્જીગ કરવા માટે સવારના સાડા આઠ વાગે અંદરના બેડ રુમમાં રાખેલ અને ત્યાંથી તેમનો મોબાઈલ ચોરાઈ ગયેલ અને ચોરી કોણે કરી તેઓની તેમને ખબર નથી અને તે બાબતે તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલ જે અસલ ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૦૬ થી રજુ રાખેલ છે અને હાલમાં તેઓને તેમનો મોબાઈલ મળી ગયેલ હોવાનું જણાવેલ છે અને ઉલટતપાસમાં તેઓએ સ્વિકારેલ છે કે, પોલીસે ફકત નામ સરનામું પુછેલ તે સિવાય બીજુ કંઈ પુછેલ નથી, તેઓને ચોરી કરનાર કોણ હતું તેની જાણ નથી અને પાછળથી પણ જાણવા મળેલ નથી.

૮. આ કામમાં બચાવ પક્ષે આંક–૦૭ તથા ૦૮ થી પંચનામા રજુ કરેલ છે જેનાથી ફરીયાદીનો મોબાઈલ ચોરી થયેલ હોવાનું માની શકાય પરંતુ, સદર ચોરી માટે હાલના કામના આરોપી જ જવાબદાર હોય તેવો કોઈ પુરાવો મળી આવતો નથી.

૯. રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં, ફરીયાદીનો પુરાવો જોતાં ફરીયાદ મુજબની ચોરી થયેલ હોવાથી હકીકત બહાર આવે છે, આવી ચોરી કોણે કરી તે ફરીયાદી જણાવતા નથી. તેઓએ ચોરી કરતા કોઈને જોયેલ નથી અને ફરીયાદમાં પણ કોઈનું નામ કે વર્ણન જણાવેલ નથી જેથી રજુ થયેલ પુરાવો જોતાં, આરોપીને હાલના બનાવ સાથે સાંકળી શકાય તેમ નથી તેવા સંજોગોમાં, આરોપી સામેનો આવો કોઈ ગુન્હો નિઃશંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી.

૧૦. આ કામના આરોપીએ ફરીયાદીના મોબાઈલની બનાવના સ્થળેથી ચોરી કરેલ હોય તેવો કોઈ વૈજ્ઞાનીક પુરાવો ફીંગર પ્રીન્ટ, ફુટ પ્રીન્ટ પણ ફરીયાદ પક્ષ તરફથી એકત્રીત કરી રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, સદર બનાવના સમય દરમ્યાન આ કામના આરોપી અપ્રમાણીતપણે મુદામાલ હેરફેર કર્યો હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ ન હોય ત્યારે આ કામના આરોપીને આઈ.પી.સી.ની કલમ– ૩૮૦, ૪૫૪ ની હકીકત સાથે સાંકળવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ હોય આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

૧૧. આમ, આરોપીએ ચાર્જસીટમાં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો કે, ગઈ તા.૨૦/૦૬/૨૦૧૯ ના રોજ કલાક ૦૮–૩૦ થી ૯–૩૦ દરમ્યાન કોઈપણ સમયે આરોપીએ ફરીયાદી તેમના બનેવીના ઘરે પોતે લૌકીક ક્રીયા અર્થે આવેલ તે દરમીયાન ચાર્જમાં મુકેલ મોબાઈલ ફોન કી.રૂ.૪૦,૦૦૦/– નો ચોરી કરી તપાસ કરતા પકડાઈ જઈ આઈ.પી.સી.ની કલમ–૩૮૦, ૪૫૪ મુજબનો કરેલ હોવાનું સાબીત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી તેમ ઠરાવી મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરનો હુકમ જાહેર કરવામાં આવે છે.

***–:: હુકમ ::–***

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૦, ૪૫૪ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) મુદ્દામાલ મોબાઈલ અંગે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીનાં સી. આર. પી. સી. કલમ–૪૩૭(એ) ના પ્રબંધો મુજબ જામીન અને જામીનખત આપવા.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર. (કુત્બુદીન નુરમોહંમદ સરવૈયા)

તા.૦૩/૧૨/૨૦૧૯ કોડ નંબર : જીજે ૦૦૯૬૬

ચોથા એડી. ચીફ જયુડીશીયલ મેજી. જામનગર.